બાયડમાં યોજાઈ ઐતિહાસિક પરશુરામ યાત્રા, જય પરશુરામ, હર હર મહાદેવના જયઘોષ થયા

૪૪ ડિગ્રી તાપમાં ૬૦૦ થી વધુ ભૂદેવો ઉપસ્થિત રહ્યા

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૪

અરવલ્લીની શૈક્ષણિક અને સંસ્કારી નગરી બાયડમાં ગત રોજ સમસ્ત બ્રહ્મ સમાજ-બાયડ દ્વારા ઐતિહાસિક પરશુરામ યાત્રાનું બાયડની તક્ષશિલા વિદ્યાલયથી આયોજન કરાયું હતું. બપોરે ૪૪-૦૦ ડિગ્રી તાપમાનમાં જય પરશુરામ અને હરહર મહાદેવના જયઘોષ સાથે ૬૦૦ થી વધુ ભૂદેવોની ઉપસ્થિતિમાં યોજાયેલી નગરયાત્રામાં ધાર્મિક શોભાયાત્રામાં અનોખો માહોલ જોવા મળ્યો હતો. કેટલાક વિસ્તારોમાં પરશુરામ યાત્રાનું ભવ્ય ઉમળકાથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

ભગવાન વિષ્ણુના છઠ્ઠો અવતાર ગણાતા પરશુરામની જન્મ જયંતિ દર વર્ષે ઉજવાતી આવી છે. જેમાં ગ્રંથોમાં જણાવ્યા અનુસાર પરશુરામનો જન્મ થયો હતો તે ૭ અમરત્વ પ્રાપ્ત વિશિષ્ટ પ્રતિભાના વ્યક્તિઓ પૈકી એક છે એવું

માનવામાં આવે છે કે ભગવાન વિષ્ણુનો આ અવતાર હજુ પણ હયાત છે. પરશુરામ જન્મથી બ્રાહ્મણ હતા પરંતુ તેમનામાં ક્ષત્રિય ગુણ હતા. પિતાની હત્યાનો બદલો લેવા તેમને ૧૭ વખત ક્ષત્રિયો પાસેથી પૃથ્વી ખાઈ લીધી હતી. બ્રાહ્મણ હોવા છતાં પરશુરામ આટલા બધા ગુસ્સામાં કેમ..?? તેનું કારણ તેમના જન્મ સાથે જોડાયેલું છે. પરશુરામનો ઉલ્લેખ રામાયણ, મહાભારત, ભાગવતપુરાણ અને કલકીપુરાણ જેવા ગ્રંથોમાં થયો છે તેઓ પૃથ્વી વખત ૨૧ વખત ગમંડી અને સ્વછંદ થયેલા ક્ષત્રિયોને હણવા માટે જાણીતા હતા. કોરોનાના કારણે પાછલા ૨ વર્ષથી પરશુરામ યાત્રા યોજી શકાઈ ન હતી ત્યારે તા.૩ મે.ના રોજ બાયડ તેમજ તાલુકામાં વસવાટ કરતા બ્રહ્મ સમાજના આગેવાનો, ભાઈ-બહેનોની ઉપસ્થિતિમાં આસ્થા અને ઉમંગ સાથે પરશુરામ યાત્રા નિકળી હતી. તક્ષશિલા વિદ્યાલય થી બાયડના મુખ્ય માર્ગ તેમજ જૂના બસ સ્ટેશન સહિતના વિસ્તારોમાં પરશુરામ યાત્રાનું ઉમળકાથી સ્વાગત થતાં દ્રશ્યો જોવા મળ્યા હતા. બ્રહ્મ સમાજના આગેવાનોએ સાફો તેમજ અન્ય વેશ પરીધાન કરી પરશુરામ યાત્રાને વધુ આકર્ષક બનાવી હતી. બાયડ શહેર સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા આયોજીત શોભાયાત્રા નંદ કોમ્પલેક્ષ નજીક પૂર્ણાહૂતિમાં ફેરવાઈ હતી જ્યાં મહાઆરતી પછી મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. બાયડમાં યોજાયેલી ઐતિહાસિક પરશુરામ યાત્રાની સમસ્ત બ્રહ્મ સમાજ(રાજ્ય કક્ષા) દ્વારા પણ નોંધ લેવામાં આવી હતી અને યાત્રાના આયોજકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

કે.આર. શ્રોફ ફાઉન્ડેશન દ્વારા નેત્રામલીમાં સમર કેમ્પનુ આયોજન

નેત્રામલીઃ ઈડર તાલુકાની નેત્રામલી જૂથ પ્રાથમિક શાળા ખાતે તારીખ ૨૯/૪/૨૨ થી છ દિવસ માટે ડો.કે.આર.શ્રોફ ફાઉન્ડેશન અને શાળાના સંયુક્ત ઉપક્રમે સમય કેમ્પ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં બાળકોને ચારીત્રય ઘડતર, રમતો, અંગ્રેજીમાં વિવિધ એકટીવીટીઓ ગણિતમાં પ્રવૃત્તિઓનું બાળકોને જ્ઞાન આપવામાં આવ્યું હતું. આ સમર કેમ્પમાં ભાગ લેનાર શિક્ષકો મિનાક્ષીબેન, શાહિનબેન, વંદનાબેન અને શ્રધ્ધાબેન દ્વારા ખૂબ જ સરસ રીતે બાળકોને વિવિધ પ્રવૃતિઓ કરાવી હતી. શાળા પરિવાર તરફથી પણ સારો સહકાર મળી રહ્યો હતો.

અરવલ્લીમાં પરશુરામ જ્યંતિની ઉજવણી, મોડાસામાં ભવ્ય શોભાયાત્રા યોજાઈ

અરવલ્લી જિલ્લામાં હર્ષોલ્લાસ સાથે પરશુરામ જ્યંતિની ઉજવણી કરવામાં આવી. જિલ્લાના વિવિધ તાલુકાઓમાં પરશુરામ જ્યંતિ નિમિત્તે વિશેષ પૂજા અર્ચના તેમજ પાઠ સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, તો મોડાસા શહેરમાં ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. બ્રહ્મ સમાજના આગેવાનો દ્વારા મોડાસા શહેરમાં પરશુરામ જ્યંતિ નિમિત્તે સાંઇ મંદિરથી શોભાયાત્રા યોજવામાં આવી હતી, જે મેઘરજ રોડ, પાવનસિટી વિસ્તાર, ચાર રસ્તા પોલિસ ચોકી, માલપુર રોડ, કલ્યાણ ચોક વિસ્તારમાં ફરી સાંઇ મંદિરે પરત ફરી હતી.બે વર્ષ પછી યોજવામાં આવેલી ભવ્ય શોભાયાત્રામાં જય જય પરશુરામના નાદ ગૂંજી ઉઠ્યા હતા, અને ભૂદેવો પરશુરામના રંગે રંગાયા હતા. હાથમાં ભગવા રંગની ધજાઓ સાથે જય જય પરશુરામના નાદ સાથે નિકળેલી શોભાયાત્રામાં મોટી સંખ્યામાં પુરુષો, મહિલાઓ અને બાળકો જોડાયા હતા.મોડાસાના મહાલક્ષ્મી ટાઉન ખાતે પહોંચેલી શોભાયાત્રાનું મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર તેમજ શહેર કોંગ્રેસના આગેવાનોએ યાત્રાનું સ્વાગત કર્યું હતું. ભૂદેવોને ફૂલહાર પહેરાવીને પરશુરામ દાદાની શોભાયાત્રાને વધાવી હતી, તો મોડાસા શહેર ભારતીય જનતા પાર્ટી દ્વારા પણ આવકાર આપવામાં આવ્યો હતો.

ધનસુરાના કંજરી કંપા નજીક કાર અને બાઈક વચ્ચે અકસ્માતમાં એક વ્યક્તિનું મોત

ધનસુરા બાયડ રોડ પર કાર અને બાઈક વચ્ચે અકસ્માત ની ઘટના બની હતી ધનસુરા બાયડ રોડ પર કંજરી કંપા નજીક કાર અને બાઈક વચ્ચે અકસ્માત થયો હતો જેમાં એક વ્યક્તિ નું મોત થયું હતું.અકસ્માત માં બાઈક ચાલક ચોઈલા ના વતની નું મોત થયું હતું. ચોઈલા ગામના ચિરાગભાઈ નામના વ્યક્તિ નું મોત થયું હતું. અકસ્માત થતાં આજુબાજુ થી લોકો ઉમટી પડ્યા હતા.ધનસુરા પોલીસે ઘટનાસ્થળે પહોંચી આગળ ની કાર્યવાહી હાથ ધરી હતી.

ડીસાના રેલવે સ્ટેશન વિસ્તારમાં બાઈક અને એક્ટીવા ટકરાતા એક ગંભીર

અકસ્માત બાદ એક્ટિવા મૂકી ચાલક ફરાર

ડીસા શહેરમાં અડચણ રૂપ દબાણો અને ટ્રાફિક સમસ્યા શહેરીજનો માટે માથાના દુખાવા સમાન બની ગયા છે ત્યારે ટ્રાફિક માટે નિયુક્ત કરાયેલા જવાનો મોબાઈલ મેન્યા કે વાતોના ગપાટા મારવામાં વ્યસ્ત જોવા મળી રહ્યા હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે ત્યારે આ બાબતે જિલ્લા ટ્રાફિક તંત્ર દ્વારા લાપરવાહી દાખવતા જવાનો સામે કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે. ડીસાના હાર્દ સમા જલારામ મંદિર સર્કલ પર, સરદાર બાગ પાસે, ફુવારા નજીક, જુના શાકમાર્કેટમાં, ગાંધીજીના બાવલા પાસે વગેરે જગ્યાઓએ ટ્રાફિક ચક્કાજામ જોવા મળે છે જેનાથી અવારનવાર નાના મોટા અકસ્માત સર્જાઈ રહ્યા છે તેમજ ડીસા રેલવે સ્ટેશન ચાર રસ્તા ઉપર ઈક્કો ગાડીઓના અડીંગો જોવા મળી રહ્યો છે જેના કારણે વાહન ચાલકોને હાલાકી ભોગવવી પડે છે વધુમાં આ વિસ્તારમાં પણ અડચણ રૂપ દબાણો અને ટ્રાફિક જામના કારણે લોકો તોબા પોકારી ઊઠયા છે ત્યારે ગઈકાલે રાત્રે રેલવે સ્ટેશન વિસ્તારમાં રહેતા પવનકુમાર (ચિરાગ) લાલચંદભાઈ લોધા પોતાનું બાઈક લઈને કોઈ કામ કાજ અર્થે બજારમાં આવી રહ્યા હતા ત્યારે કોઈ અજાણ્યા વાહન ચાલકે પૂરપાટ ઝડપે અને ગફલતભરી રીતે ચલાવી બાઈકને અડફેટે લેતાં બાઈક સવાર પવનકુમાર લાલચંદ ભાઈ લોધા બાઈક ઉપરથી ફંગોળાઈ ધડાકા ભેર રસ્તા ઉપર પછડાયા હતા જેના કારણે માથાના ભાગે તથા શરીરના અન્ય ભાગમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. જોકે અકસ્માત સર્જનાર એક્ટીવા ચાલક એક્ટીવા મૂકી ફરાર થઈ ગયો હતો આ અકસ્માતની જાણ વાયુવેગે પ્રસરી જતાં ઘટના સ્થળે લોકોના ટોળેટોળાં ઉમટી પડ્યા હતા અને લોકો દ્વારા તાત્કાલિક ૧૦૮ સેવા અને પોલીસને જાણ?? કરતાં પોલીસ અને ૧૦૮ ઘટના સ્થળે દોડી આવી હતી જેમાં પોલીસે તપાસ શરૂ કરી હતી અને ૧૦૮ સેવા દ્વારા ઘાયલ બાઈક સવારને સારવાર અર્થે ડીસાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં બાઈકસવારની હાલત વધુ ગંભીર થતાં વધુ સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આકરૂન્દ હાઈસ્કુલમાં આજે યોજાશે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ ઢોલ ઢમઢમ વાગે રે..

કોરોનાના કારણે ૨ વર્ષ પછી સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થતાં પંથકમાં ખુશાલી

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૪

ધનસુરા તાલુકાની આકરૂન્દ હાઈસ્કુલમાં આજે ગુરૂવારે સાંજે ૭-૦૦ કલાકે શૈક્ષણિક સંસ્થાઓનો ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ ઢોલ ઢમઢમ વાગે રે..નું આયોજન કરાયું છે. કોરોનાના કારણે ૨ વર્ષથી શૈક્ષણિક સંકુલોમાં સહઅભ્યાસિક પ્રવૃત્તિ થઈ શકી ન હતી. હવે ઉનાળુ વેકેશન આગામી સોમવારથી શરૂ થઈ રહ્યું છે ત્યારે અનેક શૈક્ષણિક સંસ્થાઓમાં સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજન થયા છે. આકરૂન્દ હાઈસ્કુલમાં આજે યોજાનારા સાંસ્કૃતિક કાર્યક્રમમાં આસપાસના અનેક લોકો ઉપસ્થિત રહી બાળકોની પ્રતિભાને બિરદાવશે. પ્રાપ્ત જાણકારી અનુસાર શિક્ષણ અને રમત-ગમત ક્ષેત્રે આગવી નામના મેળવનાર આકરૂન્દ હાઈસ્કુલના વાર્ષિકોત્સવ સમગ્ર જિલ્લામાં વખણાઈ રહ્યા છે. એક જ છત્ર તળે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ આપતી શૈક્ષણિક સંસ્થાએ સમાજને નિષ્ઠાવાન શિક્ષકો, ઉદ્યોગકારો, વેપારીઓ, કેળવણીકારોની ભેટ આપી છે. સંસ્થા દર વર્ષે ઉત્તરોત્તર પ્રગતિના સોપાનથી આગળ વધી રહી છે. આજે તા.૫ મે.ના રોજ જિલ્લા કલેક્ટર ડૉ.નરેન્દ્રકુમાર મીણા સહિત આમંત્રિતોની ઉપસ્થિતિમાં ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાયું છે. ધો.૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓ આજે સ્ટેજ ઉપર પોતાનું ઉમદા પ્રદર્શન કરી સૌને મંત્રમુગ્ધ કરી દેશે. સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન શાળાના સ્ટાફ અને કેળવણી મંડળની દોરવણી હેઠળ કરવામાં આવ્યું છે.

ખેરોજમાં મોબાઈલ શોપમાંથી ધોળે દિવસે રુ ૧૮ હજારનો ફોન ચોરાયો

વેપારીની નજર ચૂકવી ચાલાકીપૂર્વક ફોનની ચોરી

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૪

ખેડબ્રહ્મા તાલુકાના ખેરોજ બસ સ્ટેન્ડ નજીકની મોબાઈલ શોપમાંથી ધોળે દિવસે રુ ૧૮,૮૩૪ની કિંમતના મોબાઈલ ફોનની ચોરી થઈ છે. વેપારીની નજર ચૂકવી તસ્કર ચાલાકીપૂર્વક ફોન ઉઠાવી ફરાર થઈ જતાં ખેરોજ પોલીસે ગુનો નોંધ્યો છે.

ખેરોજમાં રહેતા ચિરાગ અશ્વિનભાઈ જોષીની બસ સ્ટેન્ડ નજીક મોબાઈલ શોપ આવેલી હોવાથી તે નવા-જૂના મોબાઈલ ફોનની લેવેચ કરતા હોય છે. તા. ૨ ના રોજ તેઓ મોબાઈલ શોપમાં હાજર હતા તે સમયે અન્ય ગ્રાહકોની સાથે દુકાનમાં પ્રવેશેલા કોઈ તસ્કરે તેમની નજર ચૂકવી સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન ખોખામાંથી ઉઠાવી ફરાર થઈ ગયો હતો. મોબાઈલ ફોનનું ખોખું ખાલી જોવા મળતાં વેપારીએ એક તબક્કે આંચકો અનુભવ્યો તપાસ કરતાં ગ્રાહકના સ્વાંગમાં આવેલ તસ્કર ઈ ૧૮,૮૩૪ની કિંમતનો ફોન ચોરી ગયાનું જણાઈ આવતાં વેપારીએ ખેરોજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી છે.

જૂની પેન્શન યોજના તથા અન્ય પડતર પ્રશ્ન અંગે ૬ઠ્ઠી મેના રોજ રાષ્ટ્રીય સંયુક્ત મોરચાના સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા

૫૦,૦૦૦ થી વધુ શિક્ષક કર્મચારીઓ જોડાશે

હિંમતનગર તા.૪

રાષ્ટ્રીય સંયુક્ત મોરચાના સંયોજક ભીખાભાઈ પટેલના જણાવ્યા અનુસાર રાષ્ટ્રીય સંયુક્ત મોરચો ગુજરાત રાજ્યમાં નવી પેન્શન યોજનાને સ્થાને જૂની પેન્શન યોજના પુનઃ લાગુ કરવા, નગર તથા મહાનગરપાલિકાના શિક્ષકો માટે ૪૨૦૦ ગ્રેડ પે, ઉચ્ચ્ એ.પી. થયેલા મુખ્ય શિક્ષકોના પ્રશ્ન,સરકારી તથા ગ્રાન્ટેડ માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક તથા આચાર્ય સંવર્ગના પાંચ વર્ષની સળંગ નોકરી ,ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં બદલીનો લાભ આપવા, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પગાર પંચના બાકી ત્રણ હપ્તા, કેન્દ્રના ધોરણે જાન્યુઆરી ૨૦૨૨થી ત્રણ ટકા મોંઘવારી તથા કેન્દ્રના ધોરણે સાતમા પગાર પંચ મુજબ ઘરભાડુ, અન્ય ભથ્થા જાહેર કરવા આગામી ૬ઠ્ઠી મેના રોજ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે બપોરે ૩ થી ૬ સમગ્ર ગુજરાતના શિક્ષક કર્મચારીઓ સંયુક્ત રીતે ૫૦,૦૦૦ થી વધુ સંખ્યામાં ધરણા કરશે.

રાષ્ટ્રીય સંયુક્ત મોરચામાં જોડાયેલ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતના સરકારી તથા ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, આચાર્ય સંવર્ગ, ઉચ્ચ શિક્ષા સંવર્ગ (અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ) ભારતીય મજદૂર સંઘ ગુજરાત, જી.ઈ.બી ઍમ્પ્લોયર્સ વેલફેર એસોસિએશન ગુજરાત, સ્ટેટ ટ્રાવેલ્સ ગુજરાત (ભારતીય મજદૂર સંઘ), ગુજરાત રાજ્ય સિનિયર સિટીઝન્સ એન્ડ પૅન્શનર્સ એસોસિએશન (ભારતીય મજદૂર સંઘ) તથા અન્ય સંગઠનો જોડાશે. આ અગાઉ ૮ મી એપ્રિલના રોજ ગુજરાત રાજયના તમામ જિલ્લાઓમાં જિલ્લા મથકે રેલી, ધરણા તથા આવેદનપત્ર આપવાનો પ્રથમ તબક્કાનો આંદોલનાત્મક કાર્યક્રમ યોજાયો. જેમાં સમગ્ર ગુજરાતમાંથી એક લાખથી વધુ શિક્ષક કર્મચારીઓ જોડાયા હતા. માનનીય મુખ્યમંત્રીશ્રીને સંબોધીને લખેલ પત્રમાં ૧લી મે ગુજરાત સ્થાપના દિવસે કર્મચારી હિતમાં નવી પેન્શન યોજના રદ કરી જૂની પેન્શન યોજના પુનઃ લાગુ કરવા વિનંતી કરવામાં આવી હતી. સરકાર દ્વારા આ અંગે યોગ્ય પ્રતિસાદ ન મળતાં આ ધરણા યોજાશે. રાષ્ટ્રીય સંયુક્ત મોરચો લાંબા સમયથી નવી પેન્શન યોજના બંધ કરી જૂની પેન્શન યોજના પુનઃ લાગુ કરવા બાબતે રાજ્ય સરકાર સમક્ષ રજુઆત કરી ચુકયો છે. બંધારણની સાતમી અનુસૂચિ હેઠળ રાજયના વિષયોમાં ૪૨ મા સ્થાને- રાજ્ય દ્વારા ચૂકવવામાં આવતા પેન્શન અથવા એકીકૃત ભંડોળમાંથી ચૂકવવામાં આવતા પેન્શનએ રાજ્ય સરકારનો વિષય છે, તેવો ઉલ્લેખ કરાયો છે. કેન્દ્ર સરકાર આમાં હસ્તક્ષેપ કરી શકે નહીં. આથી ૨૨ ડિસેમ્બર ૨૦૦૩ના રોજ જારી કરાયેલ નવી પેન્શન યોજનાના કેન્દ્ર સરકારના ઠરાવમાં રાજ્ય સરકાર દ્વારા નવી પેન્શન યોજના ફરજિયાત પણે સ્વીકારવા જણાવ્યું નથી. આ વ્યવસ્થાને વૈકલ્પિક રાખવામાં આવી છે. જૂની પેન્શન યોજનાની સામે નવી પેન્શન યોજનામાં કર્મચારીઓને નજીવું પેન્શન મળે છે તે નિર્વિવાદ બાબત છે. નિવૃત્તિ બાદ પેન્શનની નજીવી રકમમાં જીવનનિર્વાહ થઈ શકે તેમ નથી. ભારતભરમાં વિવિધ રાજ્યમાં જૂની પેન્શન યોજના લાગુ છે તથા ઘણા રાજ્ય કર્મચારી હિતમાં નવી પેન્શન યોજના દૂર કરી જૂની પેન્શન યોજનાનો પુનઃ અમલ કરી રહ્યા છે. ગુજરાત કરતાં રાજસ્થાન, છત્તીસગઢ નાણાંકીય રીતે ઓછા સમૃદ્ધ હોવા છતાં, રાજ્ય સરકાર દ્વારા જૂની પેન્શન યોજનાને પુનઃ લાગુ કરવામાં આવી છે. રાષ્ટ્રીય સંયુક્ત મોરચા ગુજરાત દ્વારા યોજિત છઠ્ઠી મેના ધરણાંને સફળ બનાવવા પ્રાંત સંગઠન,જિલ્લા એકમ,તાલુકા એકમ, મંડળ એકમ તથા જૂથ શાળાઓ સુધી ઑનલાઈન-ઑફલાઈન બેઠકો કરી સંપર્ક અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જે અન્વયે મોટી સંખ્યામાં શિક્ષક કર્મચારીઓ આ ધરણામાં જોડાશે. લાંબા સમયથી કરવામાં આવેલ આ માંગણીઓ ન સ્વીકારાતાં કર્મચારીઓના પરિવારમાં પણ આક્રોશની લાગણી છે. ગુજરાતના વિકાસમાં કર્મચારીઓનો વિશેષ ફાળો રહ્યો છે. સંગઠનને આશા છે કે ગુજરાતની લોકપ્રિય સરકાર કર્મઠ કર્મચારીઓના કામની કદર કરી નિવૃત્ત થયેલ તથા નિવૃત્ત થતા કર્મચારીઓના જીવનમાં સુરક્ષા લાવવા માટે યોગ્ય નિર્ણય કરશે. આમ છતા સરકાર દ્વારા શિક્ષક તથા સમાજ હિતમાં જૂની પેન્શન યોજના લાગુ નહીં કરવામાં આવે તો રાષ્ટ્રીય સંયુક્ત મોરચા દ્વારા વધુ જલદ આંદોલનાત્મક કાર્યક્રમ આપવા રણનીતિ ઘડવામાં આવશે.

સ્થાનિક તંત્ર સંવેદના ભૂલ્યું..!

પ્રાંતિજ તાલુકામાં ધોમધખતા તાપમાં કામ કરતા મનરેગાના શ્રમિકોને છાશનું વિતરણ

ડી.ડી.ઓ.એ સ્થળ તપાસ પછી છાંયડો, પાણી, બેસવાની વ્યવસ્થા કરવા સૂચન કર્યુ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૪

કાળઝાળ ગરમીમાં પ્રજા ઘરમાં પુરાઈ જાય છે ત્યારે મનરેગાના કામમાં જિલ્લામાં ચાલી રહ્યા છે જ્યાં અનેક શ્રમિકો માટે છાંયડો, પાણી, બેસવા સહિતની વ્યવસ્થા નથી. સાબરકાંઠા જિલ્લા વિકાસ અધિકારીએ પ્રાંતિજ

તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ચાલતા મિનરેગાના કામોનું નિરીક્ષણ કર્યા પછી શ્રમિકો માટે જરુરી વ્યવસ્થા કરવાની સૂચના આપ્યા પછી છાશનું વિતરણ થયું છે. સ્થાનિક તંત્રને કાળઝાળ ઉનાળામાં શ્રમિકો માટે સંવેદના કેમ ઉભી ન થઈ..?? તેવા સવાલ ઉભા થઈ રહ્યા છે. પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લામાં જળસંચય યોજના હેઠળ તળાવ ઉંડા કરવા સહિતની કામગીરી ચાલી રહી છે. પ્રાંતિજ અને તલોદ તાલુકામાં ચાલતા મનરેગા અંતર્ગતના કામોની જિલ્લા વિકાસ અધિકારી દિપેન શાહે ચિંતિ મુલાકાત લીધી હતી. જેમાં સદાની મુવાડીમાં ચાલતા કામમાં શ્રમિકોને છાંયડો, બેસવા કે પીવાના પાણીની વ્યવસ્થા ન હોવાનું ધ્યાનમાં આવતાં અધિકારી દ્વારા તેમને કાળઝાળ ગરમીનું ધ્યાન રાખી જરુરી સુવિધા આપવા તાકીદ કર્યા પછી સ્થાનિક તંત્રને એકાએક સંવેદના જાગી હોય તેમ છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ધાનેરા મહીલા પોલીસ શિલ્પાબેનની ઈમાનદારી રૂપિયા ભરેલું પર્સ મૂળ માલિકને પરત આપ્યું

ધાનેરા તા. ૪

ધાનેરા મહીલા પોલીસની ઈમાનદારી... સામાન્ય રીતે પ્રજાના મનમાં પોલીસની છાપ ખરાબ જ રહેતી હોય છે પોલીસનુ નામ પડે ત્યારે સામાન્ય માણસની નજર સામે દાદાગીરી અને લાંચ લેનારા પોલીસ જેવી તસવીરો સામે આવતી હોય છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, પોલીસ પણ આખરે માણસ છે અને હજુ પણ પોલીસમાં માણસાઈ જીવતી છે.જેને ધાનેરા પોલીસ સ્ટેશનના મહીલા કોન્સ્ટેબલ શિલ્પાબેન દિનેશભાઈ સોલંકીએ સાબિત કરી બતાવ્યું છે. આ મહીલા પોલીસ કોન્સ્ટેબલે રૂપિયા ભરેલું પાકીટ મુળ માલીકને પરત આપીને પોતાની ઈમાનદારીનુ ઉતમ ઉદાહરણ પુરું પાડ્યુંછે. આજે ઈદના દિવસે ધાનેરા નગરપાલિકા વિસ્તારમાં ધાનેરા પોલીસ

દ્વારા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો ત્યારે પોતાની ફરજ દરમિયાન મહિલા પોલીસ કોન્સ્ટેબલ શિલ્પાબેન સોલંકીને નગરપાલિકા કચેરી વિસ્તારમાંથી રૂપિયા ભરેલું એક પાકીટ મળી આવ્યું હતુંઆ પાકીટ શિલ્પાબેને લઈને તેના માલિકની શોધખોળ કરવા માટે નગરપાલિકા વિસ્તાર તેમજ અસગરી સુન્ની મસ્જિદમા તપાસ કરવામાં આવી હતી. પરંતુ માલિકનો પતો મળ્યો ન હતો ત્યાર બાદ શિલ્પાબેને આ રૂપિયા ભરેલું પાકીટ ખોલીને જોતાં આઈ ડી કાર્ડ ઉપર રફીકભાઈ શેખ બંગાળીનો મોબાઈલ નંબર મળી આવતા તે નંબર પર ફોન કરી પુછપરછ કરતા તે પાકીટ તેમનું જ હોવાનુ સાબિત થતા રૂપિયા ભરેલુ પાકીટ મુળ માલીકને પરત કરવામાં આવ્યું હતું. ઈદના દિવસે જ પોતાનું ખોવાયેલું પાકીટ પરત મળતા રફીકભાઈ શેખે જણાવ્યું હતું કે મારૂ પાકીટ ગુમ થયાની ખબર પડતાં ઘણી જગ્યાએ શોધખોળ કરવા છતાં ના મળતાં ઈદનો તહેવાર બગડશે એવો અહેસાસ થયો હતો . પરંતુ અચાનક એક ફોન દ્વારા મને કહેવામાં આવ્યું કે આપની કોઈ ચીજ ખોવાઈ હોય તો સાબિતી આપી લઈ જાઓ એટલે હું ધાનેરાના હોમગાર્ડ જવાન સાહીદભાઈ બેલીમને સાથે લઈને ફોન પર બતાવેલ સ્થળે ગયો ત્યાં મહિલા પોલીસ કોન્સ્ટેબલે મારી પુછપરછ કરી પાકીટમાં રહેલ આઈ.ડી.કાર્ડથી મારી ઓળખાણ સાબિત થતાં મને મારૂં રૂપિયા ભરેલું પાકીટ પરત કરવામાં આવ્યું હતું. આવી ઈમાનદારી બતાવી મારી ઈદ સુધારવા બદલ હુ ધાનેરા પોલીસ સ્ટાફ અને મહીલા પોલીસ કોન્સ્ટેબલ શિલ્પાબેન સોલંકીનો ખુબ ખુબ આભાર માનું છુ.જયારે મુળ માલીકને પાકીટ પરત કરવામાં આવતા સમગ્ર મુસ્લિમ સમાજ ધાનેરાએ પણ ધાનેરા પોલીસ અને મહિલા પોલીસ કોન્સ્ટેબલ શિલ્પાબેન દિનેશભાઈ સોલંકીનો આભાર વ્યક્ત કર્યો હતો..

જન્મદિને વધામણી

સ્નેહલભાઈ જે. પટેલ
પ્રમુખ, બાયડ નગરપાલિકા
બાયડ જીલ્લો અરવલ્લી

ઋત્વિક વી.પટેલ
બાયડ



ડો. સુનીલભાઈ પી. શાહ
આનંદ હોસ્પીટલ, બાયડ
બાયડ જી.અરવલ્લી

તિમિર આર.પટેલ
આકૂંદ જી.અરવલ્લી

વીરેન્દ્ર ડી. ચૌધરી
ડેમાઇ તા. બાયડ



હેનલ પટેલ
કામરેજ,સુરત

હસમુખભાઈ એન.પટેલ
મંત્રી, આકૂંદ કેળવણી મંડળ
આકૂંદ તા.ધનસુરા



આરવ પ્રકાશકુમાર પ્રજાપતિ
ગામ - રડોદરા, તા - બાયડ



સ્લોક જયેશ ભાઈ પંચાલ
બાયડ, ગાંધીનગર